# કરાર આધારીત ૧૧ માસ માટેની જગ્યાની જાહેરાત

**નિયામક, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી કચેરીની** ટેકનીકલ સંવર્ગની વર્ગ-૩ની નીચે દર્શાવેલ જગ્યાઓ કરાર આધારિત ધોરણે ૧૧ માસ માટે અથવા સીધીભરતીના નિયમિત ઉમેદવારો ઉપલબ્ધ થાય તે પૈકી જે વહેલુ હોય તેટલા સમય માટે કરાર આધારિત ધોરણે જગ્યા ભરવા માટે લાયક ઉમેદવારો પાસેથી નિયત નમુના મુજબની અરજી જરૂરી પ્રમાણપત્રો જેવા કે શૈક્ષણિક લાયકાત, ઉમંર, જાતિ અંગેના જરૂરી પ્રમાણપત્રોની અસલ તથા પ્રમાણિત નકલ તથા બાહેંધરી સાથે ફકરા-૨ માં દર્શાવ્યા મુજબની જગ્યાઓ માટે નિયત સમય અને સ્થળે ઉપસ્થિત રહેવાનુ રહેશે.

**૧. જગ્યાની વિગત:-**

| જગ્યાનું નામ | કુલ જગ્યા | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવાર માટે અનામત રાખવામાં આવેલ જગ્યા. | | | | કુલ જગ્યાઓ પૈકી P.H અને માજી સૈનિક માટે અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | બિન અનામત (સામાન્ય) | સા.શૈ. પ.વ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | બિન અનામત (સામાન્ય) | સા.શૈ. પ.વ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | P.H | માજી સૈનિક |
| ડી.ટી.પી ઓપરેટર, વર્ગ-૩ | ૦૩ | ૦૩ | – | – | – | ૦૧ | – | – | – | – | – |
| પ્રોસેસ આસીસ્ટન્ટ, વર્ગ-૩ | ૦૪ | ૦૪ | – | – | – | – | – | – | – | – | – |
| જુનીયર આસીસ્ટન્ટ, વર્ગ-૩ | ૦૬ | ૦૫ | – | – | ૦૧ | – | – | – | – | – | – |
| આસીસ્ટન્ટ બાઇન્ડર, વર્ગ-૩ | ૫૦ | ૨૫ | ૧૭ | ૦૪ | ૦૪ | ૦૭ | ૦૨ | – | – | – | – |
| આસીસ્ટન્ટ મશીનમેન, વર્ગ-૩ | ૪૦ | ૨૧ | ૧૧ | ૦૩ | ૦૫ | ૦૬ | ૦૧ | – | – | – | – |
| કોપી હોલ્ડર, વર્ગ-૩ | ૧૦ | ૦૭ | ૦૨ | – | ૦૧ | ૦૧ | – | – | – | – | – |
| જુનીયર પ્રોસેસ આસીસ્ટન્ટ, વર્ગ-૩ | ૦૩ | ૦૩ | – | – | – | – | – | – | – | – | – |
| કુલ | ૧૧૬ | ૬૮ | ૩૦ | ૦૭ | ૧૧ | ૧૫ | ૦૩ | – | – | – | – |

*** ૧૧ માસના કરારનાં ધોરણે ભરવાપાત્ર પ્રેસવાર કેટેગરીવાર જગ્યાની વિગતો પત્રક-૧ માં જોવા મળશે.**

**૨. શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા અને માસિક ફિક્સ પગાર :-**

**૧. ડી.ટી.પી. ઓપરેટર, વર્ગ-૩ :**

ડિપ્લોમા ઈન કોમ્પ્યુટર એપ્લીકેશન અથવા ડિપ્લોમા ઈન પ્રિન્ટીગ ટેકનોલોજી અથવા બેચરલ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન અથવા માસ્ટર ઇન કોમ્પ્યુટર એપ્લીકેશન અથવા બી.એસ.સી/એમ.એસ.સી. ઇન ઇન્ફોરમેશન ટેકનોલોજી અથવા પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમાં ઇન કોમ્પ્યુટર એપ્લીકેશન અથવા DOEACC સંસ્થાનો A લેવલનો બે વર્ષનો એડવાન્સ કોર્સ પાસ સર્ટી ધરાવતાં હોવો જોઇશે.

**વય મર્યાદા :** અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિએ ૩૩ વર્ષથી વધુ નહી.

**માસિક ફિક્સ પગાર :** રૂપિયા ૧૬,૦૦૦/-

| | |
|---|---|
| પ્રમાણપત્રોની ચકાસણી અર્થે રૂબરૂ ઉપસ્થિત રહેવાનો સમય અને તારીખ | તા. ૧૧-૨-૨૦૧૯<br>સવારે ૧૧:૦૦ કલાકે |

**૨. પ્રોસેસ આસીસ્ટન્ટ, વર્ગ-૩ :**

ધોરણ ૧૦ પાસ સાથે પ્લેટમેકર ટ્રેડમાં ITI પાસ થયા અંગેનું પ્રમાણપત્ર ઓફસેટ પ્રિન્ટીંગ મશીનો ધરાવતાં પ્રિન્ટીંગ પ્રેસોનાં પ્રોસેસ વિભાગનો ઓછામાં ઓછા ૨ (બે) વર્ષનો પ્રત્યક્ષ અનુભવનું પ્રમાણપત્ર અથવા ડિપ્લોમા ઈન પ્રિન્ટીગ ટેકનોલોજી અથવા ડીગ્રી ઇન પ્રિન્ટીગ ટેકનોલોજી પાસ સર્ટી ધરાવતાં હોવો જોઇશે.

**વય મર્યાદા :** અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિએ ૩૬ વર્ષથી વધુ નહી.

**માસિક ફિક્સ પગાર :** રૂપિયા ૧૬,૦૦૦/-

| | |
|---|---|
| પ્રમાણપત્રોની ચકાસણી અર્થે રૂબરૂ ઉપસ્થિત રહેવાનો સમય અને તારીખ | તા. ૧૧-૨-૨૦૧૯<br>બપોરે ૧૨:૦૦ કલાકે |

**૩. જુનીયર આસીસ્ટન્ટ, વર્ગ-૩ :**

વાણિજ્ય વિષયમાં સ્નાતકની પદવી (બેચરલ ઓફ કોમર્સ) અથવા સમક્ષ લાયકાત ધરાવતાં હોવો જોઇશે.

**વય મર્યાદા :** અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિએ ૩૫ વર્ષથી વધુ નહી.

**માસિક ફિક્સ પગાર :** રૂપિયા ૧૬,૦૦૦/-

| | |
|---|---|
| પ્રમાણપત્રોની ચકાસણી અર્થે રૂબરૂ ઉપસ્થિત રહેવાનો સમય અને તારીખ | તા. ૧૧-૨-૨૦૧૯<br>બપોરે ૧૩:૦૦ કલાકે |

**૪. આસીસ્ટન્ટ બાઇન્ડર, વર્ગ-૩ :**

ધોરણ ૧૦ પાસ સાથે બુકબાઈન્ડર ટ્રેડમાં ITI પાસ થયા અંગેનું પ્રમાણપત્ર અથવા ડિપ્લોમા ઈન પ્રિન્ટીગ ટેકનોલોજી અથવા ડીગ્રી ઇન પ્રિન્ટીગ ટેકનોલોજી પાસ સર્ટી ધરાવતા હોવા જોઇશે.

**વય મર્યાદા :** અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિએ ૩૩ વર્ષથી વધુ નહી.

**માસિક ફિક્સ પગાર :** રૂપિયા ૧૨,૫૦૦/-

| | |
|---|---|
| પ્રમાણપત્રોની ચકાસણી અર્થે રૂબરૂ ઉપસ્થિત રહેવાનો સમય અને તારીખ | તા. ૧૨-૨-૨૦૧૯<br>સવારે ૧૧:૦૦ કલાકે |

**૫. આસીસ્ટન્ટ મશીનમેન, વર્ગ-૩ :**

(૧) ધોરણ ૧૦ પાસ સાથે ઓફસેટ મશીન માઈન્ડર/ઓફસેટ પ્રિન્ટર ટ્રેડમાં ITI પાસ સર્ટી અથવા ડિપ્લોમા ઈન પ્રિન્ટીંગ ટેકનોલોજી અથવા ડીગ્રી ઇન પ્રિન્ટીગ ટેકનોલોજી પાસ સર્ટી ધરાવતા હોવો જોઇશે.

(૨) પ્રિન્ટીંગ પ્રેસમાં જુદા જુદા પ્રકારના ઓટોમેટિક ઓફસેટ પ્રિન્ટીંગ મશીનો ચલાવવાનો મશીનોના ઓઇલીંગ અને તેની સફાઇ કરવાનો ઓછામાં ઓછો બે વર્ષનો પ્રત્યક્ષ અનુભવનું પ્રમાણપત્ર ધરાવતાં હોવો જોઇશે

**વય મર્યાદા :** અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિએ ૩૮ વર્ષથી વધુ નહી.

**માસિક ફિક્સ પગાર :** રૂપિયા ૧૨,૫૦૦/-

| | |
|---|---|
| પ્રમાણપત્રોની ચકાસણી અર્થે રૂબરૂ ઉપસ્થિત રહેવાનો સમય અને તારીખ | તા. ૧૩-૨-૨૦૧૯<br>સવારે ૧૧:૦૦ કલાકે |

**૬. કોપી હોલ્ડર, વર્ગ-૩ :**

(૧) ધોરણ - ૧૨ પાસ (અંગ્રેજી વિષય સાથે) સર્ટી ધરાવતા હોવો જોઇશે (ડિપ્લોમા ઈન પ્રિન્ટીગ ટેકનોલોજી/ડીગ્રી ઇન પ્રિન્ટીગ ટેકનોલોજીનું સર્ટી ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ગણાશે.)

(૨) પ્રિન્ટીંગ પ્રેસમાં અંગ્રેજી, ગુજરાતી અને હિન્દીમાં તૈયાર કરવામાં આવેલી હસ્તપ્રતો વાંચવાનો, વિરામ ચિહ્નો અને પ્રૂફરીડીંગનો એક વર્ષનો અનુભવનું પ્રમાણ પત્ર

**વય મર્યાદા :** અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિએ ૩૪ વર્ષથી વધુ નહી.

**માસિક ફિક્સ પગાર :** રૂપિયા ૧૨,૫૦૦/-

| | |
|---|---|
| પ્રમાણપત્રોની ચકાસણી અર્થે રૂબરૂ ઉપસ્થિત રહેવાનો સમય અને તારીખ | તા. ૧૧-૨-૨૦૧૯<br>બપોરે ૧૫:૦૦ કલાકે |

**૭. જુનીયર પ્રોસેસ આસીસ્ટન્ટ, વર્ગ-૩ :**

(૧) ધોરણ – ૧૨ પાસ (વિજ્ઞાન પ્રવાહ સાથે) સર્ટી ધરાવતા હોવા જોઇએ અને પ્લેટમેકીંગ ટ્રેડમાં **ITI** પાસ સર્ટી અથવા ડિપ્લોમા ઈન પ્રિન્ટીગ ટેકનોલોજી અથવા ડીગ્રી ઇન પ્રિન્ટીગ ટેકનોલોજી પાસ સર્ટી ધરાવતા હોવો જોઇશે.

(૨) પ્રિન્ટીંગ પ્રેસમાં અદ્યતન ફોટોગ્રાફી પ્રોસેસીસ ઓફસેટ પ્લેટમેકીંગ અને ગ્રેઇનીગ વગેરેનો એક વર્ષના અનુભવનું પ્રમાણપત્ર.

**વય મર્યાદા :** અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિએ ૩૪ વર્ષથી વધુ નહી.

**માસિક ફિક્સ પગાર :** રૂપિયા ૧૨,૫૦૦/-

| | |
|---|---|
| પ્રમાણપત્રોની ચકાસણી અર્થે રૂબરૂ ઉપસ્થિત રહેવાનો સમય અને તારીખ | તા. ૧૧–૨–૨૦૧૯<br>બપોરેરે ૧૨:૩૦ કલાકે |

**૩.** કોમ્પ્યુટર કૌશલ્યની લાયકાત અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩–૮–૨૦૦૮ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર–૧૦–૨૦૦૭–૧૨૦૩૨૦–ગ.૫ થી નિયત થયેલ લાયકાત અથવા સરકાર દ્વારા વખતોવખત નક્કી કરેલા સ્તરની કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે.

**૪.** ગુજરાતી અથવા હિન્દી અથવા બંનેનું પુરતુ જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

**૫.** ગુજરાત મુલ્કી સેવાઓ વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઇઓ અનુસાર ઉપલી વય મર્યાદામાં છુટછાટ આપવામાં આવશે.

**૬. શરતો:-**

૧. ઉમેદવારોએ (૧) ડીટીપી ઓપરેટર વર્ગ–૩, (૨) પ્રોસેસ આસીસ્ટન્ટ વર્ગ–૩, (૩) જુનીયર આસીસ્ટન્ટ વર્ગ–૩, (૪) આસી.બાઇન્ડર વર્ગ–૩, (૫) આસી.મશીનમેન વર્ગ–૩, (૬) કોપી હોલ્ડર વર્ગ–૩, (૭) જુનીયર પ્રોસેસ આસીસ્ટન્ટ વર્ગ–૩ ની જગ્યાઓ માટે અરજી કરવા અંગે નિયત નમુનાનું અરજી ફોર્મ મેળવવા સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી નિયામકની કચેરીની વેબસાઇટ **https://dgps. gujarat.gov.in** જોવાની રહેશે. તથા તે મુજબના નિયત કરેલ નમુના પ્રમાણે જ અરજી જરૂરી પ્રમાણપત્રો સહિત કરવાની રહેશે.

૨. ઉમેદવાર કોઇપણ એક જ જગ્યા માટે અરજી કરે તે ઇચ્છિનિય છે.

૩. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૬–૨–૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ–ક/ પરિશિષ્ટ–૪ (ગુજરાતીમાં) ના નમુનામાં પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર ત્રણ નાંણાકીય વર્ષ દરમ્યાન મેળવેલ હોવુ જોઇએ, જેમા જાહેરાત પ્રસિધ્ધ થયેલ હોય તે નાણાંકીય વર્ષનો પણ સમાવેશ થયેલ હોવો જોઇએ. ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર માતા–પિતાની આવકના સંદર્ભમાં આપવામાં આવતુ હોવાથી આ પ્રમાણપત્ર અરજી સાથે રજુ કરતી વખતે ઉમેદવારની માતા–પિતાની આવકમાં ફેરફાર થતો હોય તો ઉમેદવારે/અરજદારે સ્વયં આવા વધારા–ઘટાડાની પ્રમાણિત જાહેરાત પ્રમાણપત્ર આપનાર સક્ષમ અધિકારી સમક્ષ કરવાની રહેશે. આ રીતે સક્ષમ અધિકારીને જાણ કર્યા બાદ, સક્ષમ અધિકારીએ જે નિર્ણય લીધેલ હોય તેની જાણ અત્રેની કચેરીને પણ કરવાની રહેશે. જે ઉમેદવારે/અરજદારે આવી સ્વૈચ્છિક જાહેરાત ન કરીને આવકમાં વધારો છુપાવશે તો તેને મળેલો લાભ રદ કરવાપાત્ર ઠરશે અને પરિણીત મહિલા ઉમેદવારોએ આવુ પ્રમાણપત્ર તેમના માતા–પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે, જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવુ પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે. અરજી સાથે પરિશિષ્ટ–ક ના બદલે Annexure-A (અંગ્રેજીમાં) રજુ કરેલ હશે તો પણ અરજી રદ કરવામાં

આવશે. કેમકે Annexure-A ભારત સરકાર હેઠળની નોકરી માટેનું છે. જો ઉમેદવારે આ પ્રમાણપત્ર (પરિશિષ્ટ-૪) અરજી સાથે રજુ કરેલ નહી હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને બિન અનામત જગ્યા માટે પણ વિચારણામાં લેવામાં આવશે નહી.

૪. અનામત કક્ષાના ઉમેદવારો માટે પ્રવર્તમાન નિયમોનુસાર છુટછાટ મળવાપાત્ર થશે.

૫. મહિલાઓ માટેની અનામત જગ્યાઓ માટે જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તેવી જગ્યા તે જ કક્ષાના પુરૂષ ઉમેદવાર માટે ફાળવી શકાશે.

૬. ઉમેદવારોએ શૈક્ષણિક લાયકાત તેમજ ટેકનીકલ લાયકાતનાં પ્રમાણપત્રની નકલ બીડવાની રહેશે. પ્રમાણપત્રોની નકલ બિડાણ કરેલ ન હોય તેવી અરજી અમાન્ય ગણવામાં આવશે.

૭. આ જાહેરાત અન્વયે કરારના સમયગાળા દરમ્યાન ક્રમાંક: નંબર ૧ થી ૩ ના ઉમેદવારોને રૂ. ૧૬૦૦૦/- મુજબ અને ક્રમાંક ૪ થી ૭ ના ઉમેદવારોને રૂ. ૧૨૫૦૦/- મુજબ માસિક ઉચ્ચક રકમ મળશે. તેઓની કરારની મુદ્દત ૧૧ માસની રહેશે.

૮. ઉભયપક્ષે એક માસની નોટિસ અથવા એક માસના ફિક્સ ઉચ્ચક રકમ સાથેનો નોટિસ પગાર આપીને કરારનો અંત લાવી શકાશે.

૯. નિયત ઉચ્ચક રકમ પર કોઇપણ જાતના ભથ્થાં મળવાપાત્ર થશે નહી.

૧૦. કરારના સમયગાળા દરમ્યાન આ જાહેરાત અન્વયે ઉચ્ચક રકમમાં કોઇપણ પ્રકારનો વધારો કે ઇજાફો મળવાપાત્ર થશે નહી. મોંઘવારી ભથ્થું, વચગાળાની રાહત અથવા પગાર પંચના બીજા લાભો કે સેવા વિષયક અન્ય કોઇ લાભો મળવાપાત્ર થશે નહી.

૧૧. કરારના સમયગાળા દરમ્યાન મેડીકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થશે નહી.

૧૨. કરારના સમયગાળા દરમ્યાન બજાવેલ સેવા/નોકરી પેન્શન, બોનસ, એલ.ટી.સી. એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી કે તેવા કોઇ અન્ય કોઇ નાણાકીય લાભો સરકારશ્રી પાસે મેળવવાને પાત્ર ગણાશે નહી.

૧૩. કરારના સમયગાળા દરમ્યાન ૧૧ માસના કરાર હેઠળના વ્યક્તિનું અવસાન થાય તો તેમણે બજાવેલી ફરજના સમયગાળાની ઉચ્ચક રકમની લેણી રકમ કર્મચારીના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. પરંતુ બીજા લાભ એકસગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી કે ઉચ્ચક નાણાકીય સહાય જેવા આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહી.

૧૪. ફરજ દરમ્યાન થયેલ ઇજા/અકસ્માત/શારીરિક નુકશાન માટે કોઇપણ પ્રકારની સહાય કે વળતર મળવાપાત્ર થશે નહિ.

૧૫. આ જાહેરાત અન્વયે ૧૧ માસના કરાર હેઠળના વ્યક્તિને સરકારી કર્મચારીએ જે ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે તે માટે કચેરીમાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે તેમજ પ્રાઇવેટ પ્રેકટીસ કે અન્યત્ર પાર્ટટાઇમ નોકરી કરી શકાશે નહી. જાહેર રજાના દિવસોએ પણ સરકારી કામગીરીની જરૂરિયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે. રાજકીય પ્રવૃતિમાં ભાગ લઈ શકાશે નહી.

૧૬. નિયત કરેલ ફરજનાં સમય કરતાં વધુ સમય ફરજ બજાવવા બદલ કોઇ ઓવરટાઇમ ભથ્થુ કે અન્ય કોઇ નાણાકીય ભથ્થુ મળવાપાત્ર થશે નહિ.

૧૭. કારખાના અધિનિયમ-૧૯૪૮ હેઠળ કોઇ લાભ મળવાપાત્ર થશે નહિ.

૧૮. આ જાહેરાત અન્વયે ૧૧ માસના કરાર હેઠળના વ્યકતિને કરારના સમય દરમ્યાન પ્રતિ માસ એક પરચૂરણ રજા મળવા પાત્ર થશે. અન્ય કોઇ રજા મળવાપાત્ર થશે નહી. તે સિવાયની રજા ભોગવશે તો તે રજાના દિવસના પગારની કપાત કરી લેવામાં આવશે.

૧૯. આ જાહેરાત અન્વયે ૧૧ માસના કરાર હેઠળના વ્યક્તિએ તેઓનાં કાર્યમથક પર રહેઠાણે રહેવાનું ફરજીયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકશે નહી.

૨૦. ફરજના ભાગ રૂપે મુખ્ય મથકથી ૮ કિ.મી. બહાર જવાનું થાય તો ૬ કલાકથી વધુ અને ૧૨ કલાક સુધીના રોકાણ માટે રૂ.૧૫/– અને ૧૨ કલાકથી વધુ સમયના રોકાણ માટે રૂ.૩૦/– દૈનિક ભથ્થું મળવાપાત્ર થશે તેમજ મુસાફરી ભાડા પેટે એસ.ટી. બસ/રેલ્વેનું બીજા વર્ગનું ભાડું મળવાપાત્ર થશે.

૨૧. કરારના સમયગાળા દરમ્યાનની અસંતોષકારક કામગીરી કે અશિસ્ત બદલ કોઇપણ જાતની નોટિસ આપ્યા સિવાય તાત્કાલિક અસરથી કોઇપણ સમયે કરાર સમાપ્ત કરવામાં આવશે. જે બાબતે કોઇ વળતર ચૂકવવામાં આવશે નહિ.

૨૨. સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઇ જરૂરી શરતો નક્કી થાય તો તે પણ બંધનકર્તા રહેશે.

૨૩. વ્યવસાય વેરાની કપાત નિયમોનુસાર ઉચ્ચક રકમ માંથી કરી લેવામાં આવશે.

૨૪. ૧૧ માસનાં કરારનાં સમય દરમ્યાન તેમજ બજાવેલ સરકારી સેવાની બાબત અંગે કોઇપણ પ્રકારની ફોજદારી કે દિવાની કાર્યવાહી સબબ રાજય સરકારની કોઇપણ જવાબદારી રહેશે નહી.

૨૫. ૧૧ માસના કરાર આધારિત ઉચ્ચક રકમથી કામ કરનાર વ્યક્તિને સરકારી મહેકમ ઉપર સમાવિષ્ટ થવા માટેનો કોઇ હકક પ્રાપ્ત થશે નહી.

૨૬. ઉપરોકત શરતો ૧૧ માસના કરાર હેઠળની વ્યક્તિને સ્વીકાર્ય છે તે અંગેનું સંમતિપત્ર આપવાનું રહેશે.

૨૭. ૧૧ માસનાં કરારથી જગ્યા ભરવા અંગે જે–તે સંવર્ગના ભરતી નિયમોનુસાર યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોની પસંદગી નિયત કરાયેલી પ્રક્રિયાને અનુસાર કરવામાં આવશે.

૨૮. આ કરાર આધારિત ફરજ ઉપર જોડાયા બાદ નિયત સમય મર્યાદામા શારીરિક યોગ્યતા અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૨૯. ૧૧ માસનાં કરારની મુદત પૂર્ણ થયેથી કરાર હેઠળની વ્યક્તિનો ૧૧ માસનો કરારનો આપોઆપ અંત આવેલો ગણાશે.

૩૦. ૧૧ માસના કરારના ધોરણે ભરવાપાત્ર જગ્યા માટે મેરીટનાં ધોરણે પસંદગીયાદી તૈયાર કરી મેરીટનાં ધોરણે ૧૧ માસનો કરાર કરવામાં આવશે.

૩૧. ૧૧ માસના કરાર દરમ્યાન કરાર હેઠળના સરકારી પ્રેસમાંથી અન્ય પ્રેસમાં સ્વ. વિનંતીથી બદલી અંગેની અરજી ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

૩૨. ઉપરોક્ત જગ્યાઓ માટે અરજદારે અરજી સાથે લાગુ પડતા તમામ અસલ પ્રમાણપત્રો/સર્ટી તેમજ તેની સ્વપ્રમાણિત કરેલ પ્રમાણપત્રના બે સેટ તેમજ તાજેતરના બે ફોટા સાથે નિયત કરેલ તારીખ અને સમયે નીચે દર્શાવેલ સરનામા ના સ્થળે સ્વખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.

**નિયામક, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રીની કચેરી,**
**સેકટર-૧૧,બ્લોક:૮,ચોથો માળ,ઉદ્યોગભવન,**
**ગાંધીનગર - ૩૮૨૦૧૦**

અધ્યક્ષ
પસંદગી સમિતિ અને નાયબ નિયામક(તાંત્રિક)
સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી
ગાંધીનગર

સ્થળ:– ગાંધીનગર
તારીખ:–